જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૭/૨૦૧૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u>  <u>સમાચાર યાદી નં.૧૨૧૧/૧૬</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી ૧૧૩ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૪ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૨૩૧૪/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>  <u>સમાચાર યાદી નં.૧૨૧૨/૧૬</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૩૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

<u>બળાત્કાર અને છેતરપીંડીની ફરીયાદ :-</u>  <u>સમાચાર યાદી નં.૧૨૧૩/૧૬</u>

**સાબરમતીઃ સાબરમતી વિસ્તારમાં રહેતી ૨૩ વર્ષની યુવતીએ** તા.૦૧/૦૭/૧૬ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે જાન્યુઆરી/૨૦૧૫ થી તા.૨૫/૦૬/૧૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી પંચાલ જયેન્દ્રકુમાર મનુભાઇ (રહે. દિપભુમી રેસીડેન્સી, વિભાગ-૧, ઓ.એન.જી.સી. કોલોની, ન્યુ સી.જી.રોડ, ચાંદખેડા) એ યુવતીને પીણામાં કેફી પદાર્થ મેળવી પીવડાવી યુવતી સાથે છેતરપીંડી કરી, બ્લેકમેઇલ કરી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, યુવતીની મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ હે.કો.શ્રી રાજેશભાઇ માનસિંહ ચલાવે છે.

<u>ઘરફોડઃ-</u>  <u>સમાચાર યાદી નં.૧૨૧૪/૧૬</u>

**સોલા હાઇકોર્ટ : અરુણભાઇ બળવંતભાઇ ઠાકર (ઉ.વ.૫૦)(રહે, જય ધ્વાર્કેશ ફ્લેટ, પાવન ફ્લેટની બાજુમાં, ભાડજ ગામ સોલા)** એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૭/૧૬ રાતના ૧૧/૩૦ થી તા.૨/૭/૧૬ નાં કલાક ૩/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના તથા સાહેદનાં મકાનનાં **મુખ્ય દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી રોકડ રૂપિયા ૩,૫૦,૦૦૦/-, સોનાની ચેન નંગ-૨ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/-, સોનાનું મંગળસુત્ર કિંમત રૂપિયા ૪૫,૦૦૦/-, ત્રણ જોડી સોનાની બુટ્ટી કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૬૫,૦૦૦/-** મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી **ડી.વી.રાણા** ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>નજર ચુકવી ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૧૫/૧૬</u>**

**સરદારનગરઃ** ત્રીકમદાસ ભેરૂમલ હરીયાની (સિંધી) (રહે.આશારામ પાર્ક સોસાયટી, નોબલનગર ટર્નીંગ પાસે, કુબેરનગર, સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૭/૧૬ સવારનાં ૭/૪૫ વાગ્યાના સુમારે રાજાવીર સર્કલ પાસે આવેલ પોતાની લક્ષ્મી હોજીયરી નામની દુકાન ખોલતી વખતે બહાર દિવાલે ખીલીમાં ભરાવેલ રૂપિયા ૬,૪૮,૦૦૦/- અને જરૂરી દસ્તાવેજો સાથેની બેગની કોઇ અજાણી વ્યક્તિ ત્રીકમદાસની નજર ચુકવી ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જે.ખરસાણ ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૧૬/૧૬</u>**

**સરદારનગરઃ** જયશ્રીબહેન શ્યામકુમાર મોહનલાલ અડવાણી (રહે.વાલ્મીકી આવાસ, નોબલનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૬/૧૬ રાતનાં ૦૦/૩૦ થી સવારનાં ૫/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન નોબલનગર, મધુરીપાર્ક ટેનામેન્ટ ખાતે આવેલ જયશ્રીબહેનનાં પુત્રનાં મકાનની ખુલ્લી જાળી હોઇ, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, આઇ.ફોન કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- સાથે કુલ રૂપિયા ૫૦,૦૦૦/- અને જરૂરી દસ્તાવેજોની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ઝેડ.એમ.સિંધી ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૧૭/૧૬</u>**

**વટવાઃ** અનોપસિંહ પૃથ્વીસિંહ ચુડાવત (રહે. ઈન્દીરાનગર વિભાગ-૨ લાંભા તા.દસ્ક્રોઈ જી-અમદાવાદ) એ તા.૧૮/૫/૧૬ બપોરના ૧/૩૦ વાગે નારોલ વાઈઝમેન કાપડની ફેક્ટરીની સામે ટાટા કંપનીની ઈન્ડીકા કાર નંબર જીજે ૨૭ એએ ૭૪૬૯ કિમત રૂપિયા ૧,૮૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી એક કલાકમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ અનોપસિહ ચુડાવતે તા.૧/૭/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ બી ભટ્ટ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૧૮/૧૬</u>**

**“જે” ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ રાજેશભાઇ વેનુભાઇ ઉગરેજીયા (રહે.રંગોલીનગર, વૃદાવન સોસાયટીની પાછળનાં છાપરાં, નારોલ) એ “જે” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે** તા.૧/૭/૧૬ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે નારોલ ગુરૂકૃપા રોડ, ચેતન્ય ફ્લેટ પાછળ ખુલ્લી જગ્યામાં લકઝરી બસ નંબર જીજે.૦૧.એક્સ.એક્સ.૯૦૭૦ ના ચાલકે પોતાના કબજાની બસ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી કશીશ ડો\ઓ રાજેશભાઇ ઉગરેજીયા (ઉ.વ.૧૨) ઉપર લકઝરીનું વ્હીલ ચડાવી દેતાં, કશીશને શરીરે ગંભીર ઈજાઓ થતાં, તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે “જે” ડીવીઝન ટ્રાફીક પોલીસે ગુનો નોધી આ અંગેની તપાસ પો.ઈ.શ્રી કે.કે.પરમાર ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૨૧૯/૧૬**

**દરીયાપુરઃ** ધીરજભાઈ કિશોરભાઈ ચૌહાણ (ઉ.વ.૨૩) (રહે.મોટા વાઘજીપુરા દરીયાપુર ટાવર પાસે) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૯/૬/૧૬ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી.સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૧/૭/૧૬ બપોરના ૧/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દરીયાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ કે ચૌધરી ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)